જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૪/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૮૯૨/૧૭**

## વેજલપુર પોલીસ સ્ટેશન :

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામાજીક પ્રવુતી અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર આર.કે.ઝાલા તથા સ્ટાફના માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા અમદાવાદ શહેર અને અન્ય જીલ્લાઓમા ઘરફોડ ચોરીઓના ગુનાઓમા સંડોવાયેલ આરોપી દેવલા જોરીયા ભાંભોર ઉ.વ-૨૨ ધંધો- રિક્ષા ડ્રાઈવીંગ રહે- ગામ આમલી ખજુરીયા તા.ગરબાડા જિ.દાહોદ નાઓના વિરુધ્ધમા ઘરફોડ ચોરીઓના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં પીસીબી/ડીટીએન/પાસા/ ૨૫૭/૧૭ તા.૨૭/૪/૨૦૧૭ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૨૭/૦૪/૨૦૧૭ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી " ભુજ " જેલ ખાતે પાસા અટકાયતી ને જરૂરી જાપ્તા (૧) એ.એસ.આઈ. સુરેન્દ્રસિંહ ગણપતસિંહ તથા (૨) પો.કો. સાજીદ સૈયદહુસેન નાઓ સાથે મોકલી આપવામા આવેલ છે તા.૨૭/૦૪/૨૦૧૭

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓની પ્રોહી/જુગારના ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જેથી અમો તથા સર્વલન્સ સ્કોર્ડના માણસો સાથે આજરોજ પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઇસનપુર પો.સ્ટે.સે.ગુ.ર.નં-૩૧૩૫/૧૭ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબના કામનો આરોપી રમેશભાઇ અંબાલાલ ઠાકોર ઉ.વ ૩૨ રહે-કાંતીનગરના છાપરા સ્મશાન સામે ઇસનપુર અમદાવાદ શહેરનાઓને તા.૨૭/૦૪/૨૦૧૭ના કલાક ૧૭/૪૫ વાગે અટક કરી તથા બીજો આરોપી વોંટેડઃ મહેશ રહે, ભાઇપુરા ખોખરા અમદાવાદનાઓની પાસેથી રોકડા નાણાં રૂ.૧૭૧૮૦/- તથા પકડાયેલ આરોપી પાસે બે મોબાઇલ ફોન કીમત રૂપિયા ૧૫૫૦૦/- સાથે મળી કુલ્લે ૩૨૬૮૦/-નો મુદામાલ પકડી જુગારનો એક ગુનો શોધી કાઢેલ છે. તા-૨૭/૦૪/૨૦૧૭.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચાંદખેડા પોલીસ સ્ટેશન :</u>**

ગુજરાત રાજ્યમાં દારૂબંધી હોવાનું જાણતા હોવા છતાં આરોપી નં. (૧) બળદેવજી રામસંગજી ઠાકોર ઉ.વ.૪૪ રહે. કુકડીના મકાનમાં વિસતમાતાની વાસ, વિસતમાતાના મંદિર પાસે ચાંદખેડા, અમદાવાદ શહેર તથા (૨) નરેશકુમાર ઉર્ફે નિતીન લાલજીભાઇ પરમાર ઉ.વ.૨૯ રહે. સિધ્ધેશ્વરી પાર્ક સોસાયટી, આઇ.ઓ.સી. રોડ ચાંદખેડા અમદાવાદ શહેર નાઓ દારૂબંધી કાયદાનો ભંગ કરી અમદાવાદ શહેર ચાંદખેડા વિસ્તારમાં તેમના સાગરીતો સાથે મળી દેશીદારૂનો જથ્થો પોતાના યાંત્રીક વાહન મારફતે હેરાફેરી તેમજ વેચાણ કરી આવી અસામાજીક પ્રવૃત્તીથી અમદાવાદ શહેર તથા ચાંદખેડા વિસ્તારની પ્રજામાં આર્થિક તેમજ શારીરીક પાયમાલી ઉભી થવા પામેલ છે. તેમજ અગાઉ અમદાવાદ શહેર તેમજ ગુજરાત રાજ્યમાં દેશીદારૂના લીધે લઠ્ઠાના બનાવ બનેલ જેમાં ઘણાં માણસોના મૃત્યુ થયેલ છે. જેથી ઉપરોક્ત આરોપીઓની આવી અસામાજીક પ્રવૃત્તીને નેસ્ત-નાબુદ કરવા અવાર-નવાર વોચ કરી રેડો કરી તેઓની વિરુધ્ધ કેસો કરી કાયદેસરની કાર્યવાહી તેઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપેલ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ તેઓની કચેરીના ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૨૫૧/૧૭ તા.૨૬/૪/૧૭ થી નરેશકુમાર ઉર્ફે નિતીન લાલજીભાઇ પરમાર નાને રાજકોટ જેલ ખાતે તથા ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૨૫૨/૧૭ તા.૨૬/૪/૧૭ થી બળદેવજી રામસંગજી ઠાકોર નાને પાલારા ભુજ જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રાખવાનો હુકમ કરેલ હોય સદરી બન્નેને પાસા હુકમની બજવણી કરી રાજકોટ તેમજ ભુજ જેલ ખાતે પાસા અટકાયતીમાં મોકલી આપેલ છે. તા.૨૮/૪/૨૦૧૭.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)